| 21 | (Loan Code No. 18510000510 / Rajkot Kalawad Road Branch) Vajubhai Bhupatbhai Jethava (Borrower) Bhavna Vaju Jethava (Co-Borrower) | All that piece and parcel of the property bearing, GF Shivrajnagar Off. Panadar Road 25 Panadar Gir Somnath Gujarat 362720. **Boundaries :** East - Road, West - Plot No.58, North - Others Property, South - Plot No.55 | 12-04-2025 & ₹ 9,90,180/- | 17-11-2025 |

**Place : Gujarat**
**Date : 20-11-2025**

**Authorised Officer**
**Aadhar Housing Finance Limited**

# થોમસ કુક (ઈન્ડિયા) લિમિટેડની કામગીરીથી આવક નાણાંકીય વર્ષ ૨૦૨૬ના પહેલા અર્ધવાર્ષિક ગાળા માટે વાર્ષિક ધોરણે ૯ ટકા વધીને રૂ. ૪૪,૮૧૮ મિલિયન થઈ

● નવી દિલ્હી, તા.૧૯

થોમસ કુક (ઈન્ડિયા) લિમિટેડની કામગીરીથી આવક નાણાંકીય વર્ષ ૨૦૨૬ના પહેલા અર્ધવાર્ષિક ગાળા માટે વાર્ષિક ધોરણે ૯ ટકા વધીને રૂ. ૪૪,૮૧૮ મિલિયન થઈ, નાણાંકીય વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિક ગાળા માટે વાર્ષિક ધોરણે ૩ ટકા વધીને રૂ. ૨૦,૭૩૮ મિલિયન થઈ, વૈશ્વિક ઘટનાઓથી ઊભા થયેલા અવરોધો અને મહત્વના સ્થાનિક બજારોમાં હવામાનની પ્રતિકૂળતાઓ છતાં આ વૃદ્ધિ નોંધાઈ

અસામાન્ય બાબતો પછીનો કરવેરા પૂર્વેનો નફો નાણાંકીય વર્ષ ૨૦૨૬ના પહેલા અર્ધવાર્ષિક ગાળામાં રૂ. ૨,૨૧૧ મિલિયન રહ્યો જે નાણાંકીય વર્ષ ૨૦૨૫ના પહેલા અર્ધવાર્ષિક ગાળામાં રૂ. ૨,૧૮૭ મિલિયન હતો, નાણાંકીય વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૧,૦૧૮ મિલિયન રહ્યો જે નાણાંકીય વર્ષ ૨૦૨૫ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૧,૦૯૬ મિલિયન હતો. અનેક પડકારજનક વૈશ્વિક ભૂરાજકીય ઘટનાઓથી ઊભા થયેલા અવરોધો અને ભારતમાં પ્રતિકૂળ હવામાનના સંજોગો છતાં આ પ્રગતિ થઈ

ફાઈનાન્શિયલ સર્વિસીઝ: નાણાંકીય વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિક ગાળામાં રિટેલ ટર્નઓવર વાર્ષિક ધોરણે ૧૩ ટકા અને નાણાંકીય વર્ષ ૨૦૨૬ના પહેલા અર્ધવાર્ષિક ગાળામાં વાર્ષિક ધોરણે ૯ ટકા વધ્યું જે એકંદર નબળા ટ્રેડિંગ માહોલ છતાં રજાઓ અને વિદેશી શિક્ષણ ક્ષેત્રને આભારી હતું. નાણાંકીય વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિક ગાળામાં ૪૯ ટકાનું EBIT માર્જિન જાળવી રાખ્યું

ટ્રાવેલ સર્વિસીઝ: કામગીરીથી આવક નાણાંકીય વર્ષ ૨૦૨૬ના પહેલા અર્ધવાર્ષિક ગાળામાં વાર્ષિક ધોરણે ૧૨ ટકા અને નાણાંકીય વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિક ગાળામાં વાર્ષિક ધોરણે ૬ ટકા વધી

Leisure હોસ્પિટાલિટી (સ્ટર્લિંગ હોલિડેઝ) — બીજા ત્રિમાસિક ગાળામાં હવામાન અને સિઝન સંબંધિત અવરોધોના લીધે ત્રિમાસિક ગાળાના વેચાણો પર અસર પડી. સ્ટર્લિંગે અગાઉના ત્રિમાસિક ગાળામાં બે નવા રિસોર્ટ ખોલ્યા પછી આ ત્રિમાસિક ગાળા દરમિયાન વિક્રમજનક સાત નવી પ્રોપર્ટીઝ શરૂ કરી. જોકે નવા રિસોર્ટ્સ માટે ઊંચા સેટઅપ અને ઓપરેટિંગ ખર્ચના લીધે તથા નવી ઉમેરાયેલી ઈન્વેન્ટરીમાં ઓછી ઓક્યુપન્સીના કારણે નફાકારકતા પર અસર પડી.

# ટેકાના ભાવે રાજ્યના ૭૦,૦૦૦થી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૧,૧૭૭ કરોડના મૂલ્યની ૧.૬૨ લાખ મે. ટનથી વધુ મગફળી ખરીદાઈ

● અમદાવાદ, તા. ૧૯

કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ચાલી રહેલી ટેકાના ભાવે મગફળીની ખરીદી તેમજ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા બે કૃષિ રાહત પેકેજ સંદર્ભે ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી. આ સંદર્ભે પ્રેસ-મીડિયાને માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં રાજ્યના ૭૦,૦૦૦થી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૧,૧૭૭ કરોડથી વધુના મૂલ્યની કુલ ૧.૬૨ લાખ મેટ્રિક ટનથી વધુ મગફળીની ખરીદી કરવામાં આવી છે. સાથે જ, ખેડૂતોને મગફળી ખરીદીના ચૂકવણા પણ સીધા તેમના બેંક ખાતામાં જમા કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ટેકાના ભાવે મગફળીના વેચાણ માટે ચાલુ વર્ષે રાજ્યના ૯.૩૧ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે, જે ગત વર્ષે થયેલી નોંધણીની અઢી ગણી વધારે છે. ચાલુ વર્ષે મગફળીના મબલખ ઉત્પાદનને ધ્યાને લઈને મુખ્યમંત્રીએ ભારત સરકારને વધુ જથ્થો ખરીદી કરવા માટે કરેલી રજૂઆતને પગલે રાજ્યના ખેડૂતો પાસેથી રૂ. ૧૫,૦૦૦ કરોડની મગફળી અને પ્રતિ ખેડૂત ૧૨૫ મણ મગફળી ખરીદવાનો ઉદારતમ નિર્ણય કરવામાં આવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રીએ કૃષિ રાહત પેકેજ અંગે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે કમોસમી વરસાદને કારણે થયેલી પાક નુકસાનીથી ખેડૂતોને બેઠા કરવા ઐતિહાસિક રૂ. ૧૦,૦૦૦ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સહાય મેળવવા માટે આજ સુધીમાં રાજ્યના કુલ ૧૦ લાખથી વધુ ખેડૂતોએ ફ્રઝઈ મારફત પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ કરી છે.

આ ઉપરાંત સપ્ટેમ્બર-૨૦૨૫માં વરસેલા અતિભારે વરસાદ માટે સહાયરૂપ થવા રાજ્ય સરકારે પાંચ અસરગ્રસ્ત જિલ્લા માટે રૂ. ૧,૧૩૮ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું હતું. આ પેકેજ અંતર્ગત સહાય મેળવવા માટે પણ આજ સુધીમાં કુલ ૧.૨૫ લાખ જેટલા ખેડૂતોએ ફ્રઝઈ મારફત ઓનલાઈન અરજી કરી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, બંને રાહત પેકેજમાં રાજ્ય સરકાર પિયત અને બિનપિયત બંને પાકો માટે એક સમાન રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર (બે હેક્ટરની મર્યાદામાં) સહાય આપવાનો ઉદારતમ નિર્ણય કર્યો છે. આ ઉપરાંત વાવ થરાદ અને પાટણ જિલ્લામાં જમીન સુધારણા માટે ખાસ કિસ્સામાં ખેડૂતોને રૂ. ૨૦,૦૦૦ પ્રતિ હેક્ટરની સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# સરદાર સાહેબના જન્મસ્થળ કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા સુધી આ રાષ્ટ્રીય પદયાત્રા યોજાશે

● અમદાવાદ, તા. ૧૯

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની બે વર્ષ સુધી ધામધૂમથી ઉજવણી કરવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણયના ભાગરૂપે, ગુજરાતમાં રાષ્ટ્રીય સ્તરે એક ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય સરદાર સાહેબના વિચારોને જન-જન સુધી પહોંચાડવાનો છે, જે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો મજબૂત સંદેશો આપશે.

નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રી હર્ષ સંઘવીએ આ સંદર્ભે વિગતો આપતા કહ્યું કે, સરદાર સાહેબના જન્મસ્થળ કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા સુધી આ રાષ્ટ્રીય પદયાત્રા યોજાશે. ૧૧ દિવસની આ પદયાત્રા ૨૬મી નવેમ્બરથી ૫મી ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલશે. આ યાત્રા માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ સરદાર સાહેબે દેશને એક તાંતણે બાંધ્યો હતો, તે જ રીતે સૌને એકજૂટ થઈને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી થવા માટેની પ્રેરણા છે.

હર્ષ સંઘવીએ ઉમેર્યું કે, આ ઐતિહાસિક યાત્રામાં દેશના વિવિધ રાજ્યો અને મોટાભાગના તમામ જિલ્લાઓમાંથી યુવાનો જોડાશે. યાત્રાના પ્રત્યેક દિવસે અંદાજે ૧૦ થી ૧૫ હજાર લોકો જોડાઈને સરદાર સાહેબના જીવનના આદર્શો અને સત્કાર્યોથી પ્રેરણા મેળવશે. ૧૧ દિવસની પદયાત્રા દરમિયાન સરદાર સાહેબના જીવનથી જોડાયેલા વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડવા માટે પ્રત્યેક દિવસે એક વિશેષ 'સરદાર ગાથા'નું આયોજન કરવામાં આવશે.

# રાજ્યના તમામ જિલ્લાઓમાં કુલ ૨૦ હજારથી વધુ વિવિધ પ્રવૃત્તિઓ-કાર્યક્રમો દ્વારા ૭૦ લાખથી વધુ નાગરિકોને જાગૃત કરાયા

● અમદાવાદ, તા. ૧૯

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૦માં દેશના ૨૭૨ જિલ્લાઓમાં 'નશામુક્ત ભારત અભિયાન' શરુ કરવામાં આવ્યું હતું. જે પૈકી ગુજરાતના અમદાવાદ, વડોદરા, ભરૂચ, મહેસાણા, સુરત, રાજકોટ, જામનગર, પોરબંદર મળીને કુલ આઠ જિલ્લાઓમાં આ અભિયાન સૌ પ્રથમ શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનની ભવ્ય સફળતા બાદ તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૨માં ગુજરાતના બનાસકાંઠા, ભાવનગર, જૂનાગઢ, અમરેલી, વલસાડ ગાંધીનગર તેમજ તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૪માં દેશના બાકી તમામ જિલ્લાઓમાં નશા મુક્ત ભારત અભિયાન (NMBA) શરૂ કરવામાં આવ્યું હતું.

'નશામુક્ત ભારત અભિયાન'નો મુખ્ય હેતુ નશીલા પદાર્થોના દુરુપયોગના નુક્શાન અંગે જન જાગૃતિ લાવવાનો છે. આ અભિયાન અંતર્ગત ગુજરાતના તમામ જિલ્લાઓમાં યુવાનો, વિદ્યાર્થીઓ, મહિલાઓ તેમજ સામાજિક સંસ્થાઓની સક્રિય ભાગીદારી સાથે વિવિધ વિભાગોની સ્થાનિક કચેરીઓના સંકલનમાં રહીને સમાજમાં નશીલા પદાર્થો અને માદક દ્રવ્યોના દુરુપયોગની સાથે તેની આડઅસરો અંગે જાગૃતિ લાવવામાં આવે છે. આ અભિયાન થકી સ્કૂલ, કોલેજ, રહેણાંક સંસ્થાઓ તેમજ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રેલીઓ, સાઈન અભિયાન, સેમિનાર, નશામુક્તિ રથ, નશામુક્તિ અંગેના શપથ ગ્રહણ કાર્યક્રમો, સંબંધિત પ્રચાર-પ્રસાર સામગ્રીનું વિતરણ, ચિત્રસ્પર્ધા, નિબંધ સ્પર્ધા વગેરે પ્રવૃત્તિઓના માધ્યમથી નાગરિકોમાં જાગૃતિ લાવવામાં આવી છે. આ અભિયાન હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓમાં મળીને અંદાજિત કુલ ૨૦,૦૦૦ થી વધુ વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું .જેમાં અંદાજિત ૭૦ લાખથી વધુ નાગરિકોએ સહભાગી બનીને આ અભિયાનને સફળ બનાવ્યું છે.

# અમદાવાદમાંથી રૂ. ૮.૧૬ લાખની પ્રતિબંધિત ચાઇનીઝ દોરીનો જથ્થો જપ્ત

● અમદાવાદ, તા. ૧૯

શહેરમાં ઉત્તરાયણ પહેલાં જ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું ગેરકાયદેસર વેચાણ શરુ થઈ ગયું છે. જોકે, રામોલ પોલીસે રિંગ રોડના વિસ્તારમાં સફળ કામગીરી કરીને ચાઈનીઝ દોરીના મોટા જથ્થાને ઝડપી પાડ્યો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રિંગ રોડ પર આવેલા ટ્રાવેલ્સના મેદાનમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી કુલ ૨૦૪૦ ટેલર ચાઈનીઝ દોરીનો જથ્થો જપ્ત કર્યો છે, જેની બજાર કિંમત આશરે રૂપિયા ૮.૧૬ લાખ જેટલી થાય છે.

આ મામલે પોલીસે સલીમ મન્સૂરી નામના યુવકની ધરપકડ કરી છે. પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે ચાઈનીઝ દોરીનો આ જથ્થો સુરતના એક શખ્સ દ્વારા મોકલવામાં આવ્યો હતો, જે હાલમાં ફરાર છે. રામોલ પોલીસે સલીમ મન્સૂરી વિરુદ્ધ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ફરાર સુરતના સપ્લાયરને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. પ્રતિબંધિત હોવા છતાં આટલો મોટો જથ્થો ઝડપાતા સ્પષ્ટ થાય છે કે શહેરભરમાં છૂપી રીતે ચાઈનીઝ દોરીનું વેચાણ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

### પરવાનગી મેળવ્યા સિવાય ભુખ હડતાળ, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ કે સંગઠીત થઈ રેલી કાઢી શકશે નહીં

# છોટાઉદેપુર જિલ્લાની સરકારી કચેરીઓના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કેટલાંક કૃત્યો કરવા પર પ્રતિબંધ

● છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવાસદન/નગરપાલિકાએ પોતાના કામ અર્થાત આવતા નાગરીકોને કોઈ અગવડ ન પડે તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી શૈલેશ ગોકલાણીએ એક જાહેરનામા દ્વારા જિલ્લા સેવા સદન, છોટાઉદેપુર તથા છોટાઉદેપુર, બોડેલી, નસવાડી, જેતપુરપાવી, કવાંટ અને સંખેડા તાલુકા સેવા સદન તેમજ છોટાઉદેપુર નગરપાલિકાની બહાર કે કચેરીઓના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય, અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ વ્યક્તિઓના એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થઈને કોઈ મંડળી બનાવી ધરણા કરવા, આવેદનપત્ર આપવા, પ્રતિક ધરણા, ભુખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા કે સંગઠીત થઈ રેલી કાઢવા ઉપર મનાઈ ફરમાવ્યો છે.

આ જાહેરનામું તા.૨૦/૧૧/૨૦૨૫ થી ૧૮/૦૧/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ કાયદાની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# હવામાન વિભાગની આગાહી આગામી ચાર દિવસ બાદ ઠંડી ઘટશે

● અમદાવાદ, તા. ૧૯

રાજ્યમાં કમોસમી વરસાદ બાદ ધીમેધીમે ઠંડીનો પગપેસારો વધી રહ્યો છે. જો કે, આમ છતાં છેલ્લા બે દિવસથી ગુજરાતમાં ઠંડીનો ચમકારો પણ જોવા મળી રહ્યો છે. જો કે, આ દરમ્યાન હવામાન વિભાગે પવનની દિશા બદલાતા અને પૂર્વ દિશા તરફથી પવન ફુંકાતા હવે ગુજરાતમાં ઠંડીમાં બ્રેક લાગશે. આગામી ચાર દિવસ બાદ તાપમાનમાં વધારો થશે.

ગુજરાતમાં છેલ્લા સપ્તાહથી હાડ થીજવતી ઠંડીમાં એકાએક વિરામ મૂકાય તેવી સ્થિતિ સર્જાશે. હવામાન વિભાગે ૪ દિવસ પછી રાજ્યમાં તાપમાનમાં વધારો થવાની આગાહી કરી છે. પૂર્વ તરફના પવનો ફુંકાવા લાગતા ધીમે-ધીમે ૨થી ૩ ડિગ્રી તાપમાન વધશે. જેથી રાજ્યમાં ફુલ ગુલાબી ઠંડીમાં ઘટાડો થશે. કમોસમી વરસાદ પછી ગુજરાતમાં સતત ઠંડી પડતી આવી છે. જો કે, હવામાન વિભાગે પવનોની દિશા બદલવાની આગાહી કરી છે. જેથી આવતા ૪ દિવસ બાદ ઠંડી ઘટશે. આજે રાજ્યમાં સૌથી ઠંડું શહેર કચ્છના નલિયામાં નોંધાયું છે. નલિયાનું લઘુત્તમ તાપમાન ૧૦.૫ ડિગ્રી નોંધાતા કચ્છવાસીઓ ઠંડીમાં થથર્યા હતા. સતત ઘટતા તાપમાનને કારણે લોકો અત્યંત ઠંડીના ચમકારાનો સામનો કરી રહ્યા છે.

ઉપરાંત અમરેલીમાં ૧૧.૨ અને ગાંધીનગર જ્યાં ન્યૂનતમ તાપમાન ૧૨.૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે વડોદરામાં ૧૩.૬ અમદાવાદમાં ૧૪ ડિગ્રી સેલ્સિયસ ન્યૂનતમ તાપમાન નોંધાયું હતું. પોરબંદરમાં ૧૩.૧ ડિગ્રી સેલ્સિયસ અને રાજકોટ ૧૨.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

જો કે હવે આગામી દિવસોમાં અહીં પણ તાપમાનમાં થોડો વધારો થાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. રાજ્યમાં ચાલતી શિયાળાની અસર તો ચાલુ રહેશે, પરંતુ લોકો માટે થથરતી ઠંડીમાં થોડો આરામદાયક ફેરફાર જોવા મળી શકે છે.

# ચીખલીના દેગામમાં ચૈતર વસાવાનો ફિલ્મી અંદાજ, 'જબ તક તોડેંગે નહીં, તબ તક છોડેંગે નહી'

● નવસારી, તા.૧૯

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને ત્યારબાદ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો અત્યારથી જ વધી ગયો છે. તમામ રાજકીય પક્ષો પોતાનું સંગઠન મજબૂત બનવા અને પોતાના ગઢને અભેદ્ય બનાવવા માટે મેદાનમાં ઉતરી ગયા છે. ત્યારે આમ આદમી પાર્ટી (આપ) ગુજરાતમાં પોતાની હાજરી વધુ મજબૂત બનાવવા પ્રયત્નશીલ બની છે. 'ગુજરાત જોડો અભિયાન' અંતર્ગત આમ આદમી પાર્ટીએ રાજ્યભરમાં કાર્યકર્તાઓની સંગઠનાત્મક ટીમ બનાવી જનસમર્થન મેળવવાની દોડ શરૂ કરી છે.

ચીખલીના દેગામ ખાતે આપના આદિવાસી નેતા અને દેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ જનસભા સંબોધી હતી. સ્થાનિક નાગરિકો, કાર્યકર્તાઓ અને યુવાનોની હાજરી વચ્ચે વસાવાએ ગુજરાતના રાજકીય દૃશ્ય અને આદિવાસી વિસ્તારોની સમસ્યાઓને મુદ્દે સરકાર સામે મોરચો માંડ્યો છે. તેમણે પ્રજાને આહ્વાન કર્યું કે "પરિવર્તન તમારાથી જ શક્ય છે, અને આ પરિવર્તનની શરૂઆત આજે દેગામથી જ થવી જોઈએ"

ચૈતર વસાવા પર થયેલા કેસો અને ત્યારબાદના જેલવાસને પગલે કોર્ટ દ્વારા તેમને મતવિસ્તારથી દૂર રહેવાનો આદેશ મળ્યો છે. તેમ છતાં, લોકો સાથેનો નાતો જાળવી રાખવા અને પક્ષને મજબૂત કરવાની દિશામાં તેઓ છેલ્લા કેટલાક સમયથી સક્રિય બન્યા છે. દેગામની જનસભામાં વસાવાએ પોતાની સાથે થયેલા અન્યાયની વાત કરી અને એક ફિલ્મી સંવાદ બોલતા કહ્યું કે, "જબ તક તોડેંગે નહીં, તબ તક છોડેંગે નહીં"

વસાવાએ આરોપ મૂક્યો કે, આદિવાસી પટ્ટામાં વર્ષો સુધી શાસન કર્યા છતાં સત્તાધારી પક્ષે સ્થાનિક લોકોની મૂળભૂત સમસ્યાઓનું નિરાકરણ લાવ્યું નથી. રોડ, પાણી, શિક્ષણ, આરોગ્ય જેવી મૂળભૂત સુવિધાઓ આજે પણ અનેક ગામોમાં અધૂરી છે. વસાવાએ આક્ષેપ કર્યો કે આદિવાસી વિસ્તારોને માત્ર મતબેંક તરીકે વાપરવામાં આવે છે,પરંતુ વિકાસના નામે માત્ર ખોટા વાયદાઓ જ કરવામાં આવે છે.

વલસાડના સાંસદ ધવલ પટેલ અંગે પણ વસાવા આક્રમક બન્યા. તેમણે કહ્યું કે સાંસદ "કૃપાગુણથી" જીત્યા છે અને પક્ષના "બોલતા પોપટ" બની રહ્યા છે. "જેઓ બોલશે નહીં તેમને ફરીથી ટિકિટ મળશે નહીં" એવો ઉલ્લેખ કરી વસાવાએ સવાલ કર્યો કે આદિવાસીઓના હક, વનઅધિકાર, રોજગાર કે જમીન જેવા અગત્યના મુદ્દાઓ પર સાંસદ મૌન કેમ છે?

આમ આદમી પાર્ટી આગામી તાલુકા, જિલ્લા પંચાયતો તેમજ મહાનગર પાલિકાની ચૂંટણીઓમાં મહત્વપૂર્ણ પ્રદર્શન કરવાનો વિશ્વાસ વ્યક્ત કરતાં વસાવાએ જણાવ્યું કે, આદિવાસી વિસ્તાર હોય કે શહેરી વિસ્તાર સરકારથી અકળાયેલો દરેક મતદાર હવે પરિવર્તન ઈચ્છે છે. "ગુજરાત જોડો" અભિયાન દ્વારા પાર્ટી આ અસંતોષને શક્તિમાં રૂપાંતરિત કરવાની તૈયારીમાં છે.

# ભાવનગરમાં સિહોર પોલીસે મસમોટો દારૂનો જથ્થો ઝડપ્યો, દેશી બ્રાન્ડની કુલ ૬૨૦ બોટલ મળી આવી હતી

● ભાવનગર, તા.૧૯

પોલીસે ફરી એકવાર મોટી સફળતા મેળવી છે. મંગળવારે રાત્રીના સમયે મળેલી બાતમીના આધારે પોલીસે નેસડા ગામ પાસે દરોડો પાડ્યો હતો અને ત્યાંથી વિદેશી દારૂનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. જેમાં દેશી બ્રાન્ડની કુલ ૬૨૦ બોટલ મળી આવી હતી. જેનીકુલ કિંમત સાડા ૬ લાખથી વધુની હતી.દારૂની બ્રાન્ડમાં મુખ્યત્વે સ્કોચ વ્હિસ્કી, વોડકા અને અન્ય પ્રીમિયમ લિકરનો સમાવેશ થાય છે.પોલીસે ઘટનાસ્થળેથી વિશાલ ઈસમને રંગે હાથ ઝડપી પાડ્યો હતો. તેની સાથે હાજર રહેલો બીજો શખ્સ અંધારામાં નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

# રાજકોટમાં ૪૦ સેકન્ડમાં ઝપાઝપીથી લમણે ગોળી સુધી, હત્યા-આત્મહત્યા સીસીટીવીમાં કેદ

● રાજકોટ, તા.૧૯

રાજકોટના નાગેશ્વર પાર્શ્વનાથ સિટીમાં ૧૫ નવેમ્બરના રોજ સવારે ૮:૪૫ વાગ્યે એક હૃદય કંપી ઘટના બની હતી. પત્નીના કથિત અફેરથી કંટાળી ગયેલા પતિએ સોસાયટીના પાર્કિંગમાં જ પોતાની લાઈસન્સી રિવોલ્વરથી પત્ની પર ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું અને ત્યારબાદ પોતાના લમણે ગોળી મારી આપઘાત સુઈસાઈડ કરી લીધું. પતિનું તો ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે ગંભીર રીતે ઘાયલ પત્નીએ બે દિવસ સારવાર બાદ ૧૭ નવેમ્બરે હોસ્પિટલમાં દમ તોડ્યો હતો.લાલજી પાસે લાઈસન્સી રિવોલ્વર હતી, જેનો ઉપયોગ આ ઘટનામાં થયો હતો.

સવારે ૮:૪૦ વાગ્યે તૃષા યોગા ક્લાસ પૂરો કરીને પોતાની મિત્ર સાથે સ્કૂટી પર સોસાયટીમાં પ્રવેશે છે.બંનેની સ્કૂટીની બરાબર પાછળ લાલજી પણ પોતાની બાઈક પર આવે છે અને તેમનો પીછો કરતો જોવા મળે છે.પાર્કિંગમાં પહોંચતાંની સાથે જ લાલજી ઝડપથી બાઈક અટકાવીને પત્ની પાસે પહોંચે છે.બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થાય છે. લાલજી પત્નીને ધક્કો મારે છે, જવાબમાં તૃષા પણ પતિને ધક્કો મારે છે અને એક-બે થપ્પડ પણ ઝીંકી દે છે.

આ દરમિયાન પત્નીની મિત્ર ડરીને થોડે દૂર સરકી જાય છે.અચાનક લાલજી કમરમાંથી રિવોલ્વર કાઢે છે અને પત્ની પર ફાયર કરે છે.પહેલો રાઉન્ડ મિસ થાય છે, બીજો અને ત્રીજો રાઉન્ડ તૃષાને વાગે છે. તે જમીન પર ઢળી પડે છે.તરત જ લાલજી રિવોલ્વર પોતાના જમણા કાન પાસે મૂકીને ટ્રિગર દબાવી દીધું અને પત્નીની બાજુમાં જ લોહીથી ખરડાયેલો પડી ગયો.આખી ઘટના માત્ર ૪૫-૫૦ સેકન્ડમાં પૂરી થઈ ગઈ અને સોસાયટીના ઝઝૂફમાં સ્પષ્ટ કેદ થઈ ગઈ છે.મૃતકા તૃષાનાએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે:દોઢ-બે મહિના પહેલાં લાલજીને ખબર પડી હતી કે તેમની પત્નીનો તેમની સગી કાકીના દીકરા સાથે પ્રેમસંબંધ છે.આ વાતથી ઘરમાં અવારનવાર ઝઘડા થતા હતા.અંતે તૃષા પોતાની બહેનપણી પાસે અલગ રહેવા લાગી હતી.

૧૪ નવેમ્બરની રાત્રે પણ સમાધાન માટે તૃષાનો અને ભાણેજ તેને મળવા ગયા હતા, પરંતુ વાતચીત નિષ્ફળ ગઈ હતી. બીજા જ દિવસે સવારે આ દુઃખદ અંત આવી ગયો.ગાંધીગ્રામ પોલીસે લાલજી સોજીત્રા સામે હત્યા, આર્મ્સ એક્ટ તથા અન્ય કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.પત્નીનું મોત બાદ આ કેસ હવે મર્ડર કેસમાં ફેરવાઈ ગયો છે.સીસીટીવી ફૂટેજ, રિવોલ્વર, ખાલી ખોખા તથા અન્ય પુરાવા કબ્જે કરવામાં આવ્યા છે એફએસએલ ટીમે ઘટનાસ્થળની તપાસ કરી છે.આ ઘટનાએ ફરી એકવાર પારિવારિક વિવાદોને સમયસર ઉકેલવાની જરૂરિયાત સામે પ્રશ્ન ઉભા કર્યા છે. બે જીવન ખતમ થઈ ગયા, બે પરિવારો ઉજ્જડી ગયા અને એક નાનકડી સોસાયટીના રહેવાસીઓ હજુ પણ ડરના છાયામાં જીવી રહ્યા છે.

# પોરબંદરના માધવપુર ઘેડમાં શ્રી કૃષ્ણા-રૂક્ષ્મણી યાત્રાધામનો બીજા તબક્કે રૂ. ૪૩ કરોડથી વધુના ખર્ચે સર્વાંગી વિકાસ કરાશે

● પારબંદર, તા.૧૯

વિકાસના સતત નવા કીર્તિમાન સાથે ભારતીય ઐતિહાસિક-ધાર્મિક વિરાસતોની જાળવણી અને સંવર્ધન કરીને 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્ર સાથે બહુમુખી વિકાસની આગવી પેટર્ન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ગુજરાત સહિત ભારતભરમાં અવિરત વિકસી રહી છે. આ મંત્રને સાકાર કરવા ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્યના પવિત્ર- પ્રસિદ્ધ યાત્રાધામો જેવા કે, અંબાજી, દ્વારકા, પાવાગઢ, બહુચરાજી વગેરે આધ્યાત્મિક તીર્થ સ્થળોનો ભારતભરમાં આવતા ભક્તો-યાત્રાળુઓ માટે ૩૬૦ ડિગ્રીથી સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે.આ આધ્યાત્મિક તીર્થ સ્થળોના વિકાસ યાત્રાને સતત આગળ વધારવા પોરબંદર જિલ્લાના માધવપુર ઘેડ ખાતે આવેલા શ્રી કૃષ્ણા- રૂક્ષ્મણી યાત્રાધામના અંદાજે કુલ રૂ. ૬૧ કરોડથી વધુના ખર્ચે વિકાસ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. શ્રી કૃષ્ણ – રૂક્ષ્મણી માતા યાત્રાધામના માસ્ટર પ્લાનમાં માધવપુર ગામમાં એકબીજાથી એક કિ.મી.જેટલા અંતરે આવેલા વિવિધ સ્થળોને આવરી લઈ તેનો સર્વાંગી વિકાસ કરવામાં આવશે. જેના પરિણામે આ યાત્રાધામ ખાતે આવતા યાત્રાળુઓને અનેકવિધ નવીન સુવિધાઓ ઉપલબ્ધ થશે.બીજા તબક્કામાં રૂ. ૪૩.૭૨ કરોડના ખર્ચે શ્રી માધવરાયજી મંદિરનું પુનઃનિર્માણ, મંદિર પાસે ૩૦૦ મીટર બીચ ડેવલપમેન્ટ પાર્કિંગ માટે પરિસરનો વિકાસ અને અન્ય પાયાની સુવિધાઓ ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત કેટલાક અન્ય સ્થળો જેવા કે, કાચબા ઉછેર કેન્દ્રથી માધવરાયજીના મંદિર સુધીનો રસ્તો ૦૯ મીટર પહોળો કરવો, બીચ એરિયામાં ફૂડ કિઓસ્ક અને શૌચાલય વગેરે, પાર્કિંગ અને ફૂડ કોર્ટ સાથે જ, જુદા-જુદા પ્રકારના સ્કલ્પચર, સાઈનેજીસ, ફાઉન્ટેન, સેલ્ફી પોઈન્ટ સહિત લેન્ડસ્કેપિંગનો સમાવેશ થાય છે.જ્યારે મુખ્યમંત્રી હસ્તે પ્રથમ તબક્કામાં અંદાજે રૂ. ૪૮ કરોડના ખર્ચે શ્રી રૂક્ષ્મણી માતા મંદિર, ચૉરી માયરાની જગ્યા, માધવરાયજી મંદિર જતાં રસ્તા પર બીચ ડેવલોપમેન્ટ, બ્રહ્મ કુંડ તેમજ મેળા ગ્રાઉન્ડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આમ અંદાજે કુલ રૂ. ૯૧ કરોડના ખર્ચે આ યાત્રાધામનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.વધુમાં,આ વિકાસકાર્યો થકી માધવપુરનો સર્વાંગી વિકાસ થશે તેથી દૂર-દૂરથી આવતા પ્રવાસીઓ- શ્રદ્ધાળુઓની સુવિધામાં અનેકગણો વધારો થશે જેના પરિણામે ગુજરાત આધ્યાત્મિક પ્રવાસન ક્ષેત્રે વધુ સિદ્ધિઓ સર કરશે તેમ, ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડ યાદીમાં જણાવાયું છે.

# ગુજરાત સાયબર પોલીસે આંતરરાષ્ટ્રીય સાયબર સ્લેવરી રેકેટના મુખ્ય સૂત્રધાર નિલેશ પુરોહિતને ઝડપી પાડ્યો

● અમદાવાદ, તા.૧૯

ગુજરાતની સાયબર સેન્ટર ઑફ એક્સિલન્સની ટીમે મ્યાનમારના કેકે પાર્ક તથા કંબોડિયામાં ચીની સાયબર માફિયા દ્વારા સંચાલિત સ્કેમ સેન્ટરોમાં સાયબર સ્લેવરી માટે લોકોની તસ્કરી કરનાર આંતરરાષ્ટ્રીય રેકેટના માસ્ટરમાઈન્ડ નિલેશ ઉર્ફે નીલ નરપતસિંહ પુરોહિતને ધરપકડ કરી છે.છેલ્લા ત્રણ વર્ષમાં ભારત સરકારના આંતરરાષ્ટ્રીય પ્રયાસોથી થાઈલેન્ડ, મ્યાનમાર, મલેશિયા તથા અન્ય દેશોમાંથી લગભગ ૪૦૦૦ ભારતીયોને સાયબર સ્લેવરીમાંથી મુક્ત કરાવી ખાસ ફ્લાઈટ્સ દ્વારા પરત લાવવામાં આવ્યા છે. આ તમામ ભોગ બનનારાઓના નિવેદનોમાં એક જ નામ વારંવાર સામે આવ્યું હતું નીલ પુરોહિત. આ નિવેદનોના આધારે ટેકનિકલ એનાલિસિસ કરીને સાયબર સેન્ટર ઑફ એક્સિલન્સની ટીમ આરોપી સુધી પહોંચી અને તેને ઝડપી પાડ્યો છે.નિલેશ પુરોહિતે ૧૨૬ થી વધુ સબ-એજન્ટોનું વ્યવસ્થિત નેટવર્ક ઊભું કર્યું હતું, જેમાં ૩૦ થી વધુ પાકિસ્તાની એજન્ટો તથા ૧૦૦ થી વધુ ચીની અને વિદેશી કંપનીઓના ઉંઈ સાથે સીધો સંપર્ક હતો. આ નેટવર્ક દ્વારા ભારત, શ્રીલંકા, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, નાઈજીરિયા, ઈજિપ્ત, કેમેરૂન, બેનિન તથા ટ્યુનિશિયા સહિતના દેશોના ૫૦૦ થી વધુ નાગરિકોને ઊંચા પગારની ડેટા એન્ટ્રી જોબની લાલચ આપીને મ્યાનમાર, કંબોડિયા, વિયેતનામ તથા થાઈલેન્ડમાં સાયબર સ્કેમ સેન્ટરોમાં ધકેલી દેવામાં આવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી વધુ ૧૦૦૦ થી વધુ લોકોને મોકલવાની ડીલ ફાઈનલ કરી ચૂક્યો હતો અને ધરપકડના એક દિવસ પહેલાં જ એક પંજાબના યુવાનને કંબોડિયા મોકલ્યો હતો.આરોપી વ્યક્તિદીઠ ૨૦૦૦ થી ૪૫૦૦ ડોલર કમિશન લેતો હતો અને સબ-એજન્ટોને ૩૦-૪૦% આપતો હતો. ટેલિગ્રામ, ઈન્સ્ટાગ્રામ તથા ફેસબુક પર લોભામણી જોબની જાહેરાતો કરીને લોકોને ફસાવતો, ટિકિટ-હોટેલની વ્યવસ્થા કરી આપતો અને પછી થાઈલેન્ડથી ગેરકાયદેસર રીતે મ્યાનમારની સરહદ પાર કરાવી કેકે પાર્ક કે અન્ય ચીની કંપાઉન્ડમાં પહોંચાડતો હતો. ત્યાં પહોંચ્યા બાદ પાસપોર્ટ છીનવી લેવાતા, મોબાઈલ કબજે કરી લેવામાં આવતા અને ફિશિંગ, ક્રિપ્ટો સ્કેમ, પોન્ઝી સ્કીમ તથા ડેટિંગ એપ દ્વારા ઠગાઈ જેવા ગુનાઓ કરાવવા મજબુર કરવામાં આવતા હતા. સહકાર ન આપે તો શારીરિક-માનસિક ટોર્ચર આપવામાં આવતું હતું.આ રેકેટના નાણાંકીય વ્યવહારો મ્યુલ એકાઉન્ટ્સ તથા અનેક ક્રિપ્ટો વૉલેટ્સ દ્વારા કરવામાં આવતા હતા. આરોપી પોતાને "ઘોસ્ટ" તરીકે ઓળખાવતો હતો, વર્ચ્યુઅલ નંબરો વાપરતો હતો અને દુબઈ, લાઓસ, થાઈલેન્ડ, મ્યાનમાર તથા ઈરાનની વારંવાર મુસાસ કરતો હતો. ધરપકડ સમયે તે મલેશિયા ભાગી જવાની તૈયારી કરી રહ્યો હતો.

આ કેસમાં આરોપીના બે મુખ્ય સાથીદાર હિતેશ સોમૈયા તથા સોનલ ફળદુની પણ ધરપકડ કરવામાં આવી છે. આરોપી પાસેથી ૨ મોબાઈલ, ૧ લેપટોપ તથા ૧ પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યા છે અને કોર્ટે ૧૪ દિવસનો રિમાન્ડ મંજૂર કર્યો છે. આ કાર્યવાહી ગુજરાત સાયબર સેન્ટર ઑફ એક્સિલન્સની સૌથી મોટી સફળતાઓમાંની એક ગણાય છે, જેનાથી દક્ષિણ-પૂર્વ એશિયામાં ચાલતા ચીની સાયબર માફિયાના મોટા નેટવર્કને ભારે આંચકો લાગ્યો છે.


**ડાયામાઈન્સ એન્ડ કેમીકલ્સ લિમિટેડ**

Diamines Quality driven

CIN No. : L24110GJ1976PLC002905

રજીસ્ટર્ડ ઓફિસ : પ્લોટ નં. ૧૩, પીસીસી એરિયા, પી.ઓ. પેટ્રોકેમિકલ્સ, વડોદરા-૩૯૧૩૫૦. ફોન : ૦૨૬૫-૩૫૩૪૨૦૦

Email : secretarial@dacl.co.in Website : www.dacl.co.in

**શેરધારકોને સૂચના**

**ભૌતિક શેરોના ટ્રાન્સફર વિનંતીઓના રિ-લોજમેન્ટ માટેની વિશેષ વિન્ડો**

આથી સૂચના આપવામાં આવે છે કે સેબી ના તા.૨ જુલાઈ, ૨૦૨૫ ના જારી કરવામાં આવેલા પરિપત્ર ક્રમાંક SEBI/HO/MIRSD/MIRSD-PoD/CIR/2025/97 ના સંદર્ભમાં તા.૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલાં દાખલ કરાયેલા અને દસ્તાવેજો / પ્રક્રિયામાં ખામીને કારણે અથવા અન્યથા નકારવામાં આવેલા / પરત કરાયેલા / ટ્રાન્સફર ડીડની ફરીથી નોંધણી માટે એક વિશેષ વિન્ડો ખોલવામાં આવી છે. આ વિશેષ વિન્ડો તા. ૭ જુલાઈ, ૨૦૨૫ થી તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી, છ મહિનાના સમયગાળા માટે ખુલ્લી રહેશે.

તે મુજબ, અગાઉ તા. ૨૩.૦૭.૨૦૨૫ અને તા. ૨૨.૦૯.૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ કરેલી સૂચનામાં કરવામાં આવેલી વિનંતી મુજબ, લાયક શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ જરૂરી દસ્તાવેજો સાથે તેમની ટ્રાન્સફર વિનંતીઓ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આરટીએ) ને એમયુએફજી ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, "ગીતાકુંજ", ૧, ભકિતનગર સોસાયટી, એબીએસ ટાવર પાછળ, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા ૩૯૦૦૧૫, ફોન નં. ૦૨૬૫ - ૩૫૬૬૭૬૮, ઈ-મેઈલ : vadodara@in.mpms.mufg.com ખાતે જમા કરાવે.

ટ્રાન્સફર માટે ફરીથી નોંધાયેલા શેર, શેરધારક દ્વારા બધા દસ્તાવેજો ક્રમમાં જમા કરાવ્યા પછી ડિમટીરિયલાઈઝ્ડ ફોર્મમાં જ જારી કરવામાં આવશે.

ડાયામાઈન્સ એન્ડ કેમીકલ્સ લિમિટેડ વતી,
સહી/-
હેમાક્ષી પવાર
કંપની સેક્રેટરી

તારીખ : નવેમ્બર ૧૯,૨૦૨૫
સ્થળ : વડોદરા



**INTEGRA ENGINEERING ઈન્ટીગ્રા એન્જીનિયરિંગ ઈન્ડિયા લિમિટેડ**

CIN : L29199GJ1981PLC028741

રજીસ્ટર્ડ ઓફિસ : પોસ્ટ બોક્સ નંબર ૫૫, ચંદ્રપુરા ગામ, તા. હાલોલ - ૩૮૯૩૫૦, જીલ્લો : પંચમહાલ, ગુજરાત. ટેલિફોન : +૯૧ ૯૦૯૯૯૧૮૪૭૧

Email ID : info@integraengineering.in Website : www.integraengineering.in

**શેરધારકોને સૂચના**

**ભૌતિક શેરોના ટ્રાન્સફર વિનંતીઓના રિ-લોજમેન્ટ માટેની વિશેષ વિન્ડો**

આથી સૂચના આપવામાં આવે છે કે સેબી ના તા. ૨ જુલાઈ, ૨૦૨૫ ના જારી કરવામાં આવેલા પરિપત્ર ક્રમાંક SEBI/HO/MIRSD/MIRSD-PoD/CIR/2025/97 ના સંદર્ભમાં તા. ૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલાં દાખલ કરાયેલા અને દસ્તાવેજો / પ્રક્રિયામાં ખામીને કારણે અથવા અન્યથા નકારવામાં આવેલા / પરત કરાયેલા ટ્રાન્સફર ડીડની ફરીથી નોંધણી માટે એક વિશેષ વિન્ડો ખોલવામાં આવી છે. **આ વિશેષ વિન્ડો તા. ૭ જુલાઈ, ૨૦૨૫ થી તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી, છ મહિનાના સમયગાળા માટે ખુલ્લી રહેશે.**

તદ્નુસાર, તા. ૨૧ જુલાઈ, ૨૦૨૫ અને તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પ્રકાશિત સૂચના દ્વારા અગાઉ વિનંતી કરવામાં આવી હતી, તે મુજબ, લાયક શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ જરૂરી દસ્તાવેજો સાથે તેમની ટ્રાન્સફર વિનંતીઓ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આરટીએ) ને એમયુએફજી ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, "ગીતાકુંજ", ૧, ભકિતનગર સોસાયટી, એબીએસ ટાવર પાછળ, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૧૫, ફોન નં. ૦૨૬૫ - ૩૫૬૬૭૬૮, ઈ-મેઈલ : vadodara@in.mpms.mufg.com ખાતે જમા કરાવે.

ટ્રાન્સફર માટે ફરીથી નોંધાયેલા શેર, શેરધારક દ્વારા બધા દસ્તાવેજો ક્રમમાં જમા કરાવ્યા પછી ડિમટીરિયલાઈઝ્ડ ફોર્મમાં જ જારી કરવામાં આવશે.

ઈન્ટીગ્રા એન્જીનિયરિંગ ઈન્ડિયા લિમિટેડ વતી
સહી/-
રવિ થાનકી
કંપની સેક્રેટરી અને કોમ્પ્લાયન્સ ઓફિસર
M.No. A60338

સ્થળ : હાલોલ
તારીખ : ૧૯.૧૧.૨૦૨૫



**ભારત પેરેન્ટેરલ્સ લિમિટેડ**

Corporate Identity Number (CIN): L24231GJ1992PLC018237

રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસઃ સર્વેનંબર ૧૪૪–એ, જરોદ–સમલાયા રોડ, વિલ. હરીપુરા, તા. સાવલી, વડોદરા–૩૯૧૫૨૦, ગુજરાત, ભારત. સંપર્ક નંબરઃ +૯૧ ૯૯૦૯૯૮૨૩૩૨ ઈમેલઃ cs@bplindia.in વેબસાઈટઃ www.bplindia.in

**નોટીસ**

આથી સૂચના આપવામાં આવે છે કે SEBI પરિપત્ર SEBI/HO/MIRSD/DOS3/CIR/P/૨૦૧૮/૧૩૯ તારીખ ૬ નવેમ્બર, ૨૦૨૫ અને SEBI પરિપત્ર SEBI/HO/MIRSD/MIRSD-PoD/P/CIR/2025/97 તારીખ ૨ જુલાઈ, ૨૦૨૫ અનુસાર, કંપનીને શ્રી હિતેશ ડી. મહેતા, જેઓ ૦૧, પ્રભાવતી ફ્લેટ, જૈનવિહાર ફ્લેટ સામે, નારાયણ નગર રોડ, પાલડી, અમદાવાદ ખાતે રહેતા છે, તેમના તરફથી નીચે દર્શાવેલ સિક્યોરિટી ધારકના નામે રાખેલી સિક્યોરિટીઝ તેમના નામે ટ્રાન્સફર કરવા માટે કંપની ને વિનંતી પ્રાપ્ત થઈ છે. આ સિક્યોરિટીઝ તેમના દ્વારા ખરીદવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો અને તેમના પક્ષમાં ટ્રાન્સફર કરી શકાઈ ન હતી.

| ફોલિયો નં. | શેરધારકનું નામ | શેરધારકનું નોંધાયેલ સરનામું | સુરક્ષા પ્રકાર અને મૂળ કિંમત | સિક્યોરિટીઝ નં. | પ્રમાણપત્ર નંબર | વિશિષ્ટતાઓની સંખ્યા | વિશિષ્ટતાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| આરઆર ૦૦૧૫૨૬ | રણજીતસિંહ પરમાર | જગદંબા સોસાયટી, જીઈબી સામે,કાલોલ ગુજરાત– ૩૮૯૩૩૦ | ઈક્વિટી અને ફેસ વેલ્યુ રૂ. ૧૦/– | ૨૦૦ | ૦૦૧૩૨૬૫- ૦૦૧૩૨૬૬ | ૦૧૩૨૬૮૦૧ | ૦૧૩૨૭૦૦૦ |

ઉપરોક્ત સિક્યોરિટીઝના સંદર્ભમાં દાવો ધરાવનાર કોઈપણ વ્યક્તિએ આ તારીખથી 30 દિવસની અંદર કંપનીના રજિસ્ટર્ડ ઓફિસ, સર્વે નં. ૧૪૪ એ, જરોદ સમલાયા રોડ, હરિપુરા, સાવલી, વડોદરા, ગુજરાત, ૩૯૧૫૨૦ ખાતે આવી સિક્યોરિટીઝ નોંધાવવી જોઈએ અને આવા દાવાને સમર્થન આપતા યોગ્ય દસ્તાવેજી પુરાવા પણ આપવા જોઈએ, નહીં તો કંપની કોઈપણ પ્રકારની સૂચના આપ્યા વિના સિક્યોરિટીઝ હિતેશ મહેતા અને પરેશ શાહના નામ ટાન્સફર કરવાની કાર્યવાહી કરશે.

ભારત પેરેન્ટેરલ્સ લિમિટેડ વતી
સહી/-શર્મિન સોની
કંપની સેક્રેટરી અને પાલન અધિકારી ACS-75694

તારીખ : ૨૦-૧૧-૨૦૨૫
સ્થળઃ વડોદરા